# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-10-2024 Evening : 7.50 to 8.00

Day : Sunday National News

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અલ્જીરિયા, મોરિટાનિયા અને મલાવીની મુલાકાતે - વેપારઉદ્યોગના પ્રતિનિધિ-ઓ સાથે બેઠક કરશે.
- લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા આજથી જીનીવામાં આંતર-સંસદીય સંઘની બેઠકમાં સંસદીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે.
- રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળે ટ્રાન્સપોર્ટ કંપની ઓલાને ગ્રાહકોને જે રિફંડની પસંદગીની પદ્ધતિ હોય તે લાગુ કરવા માટે નિર્દેશ આપ્યા.
- ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને તટીય આંધ્રપ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી.
- અયહિકા મુખરજી અને સુતિર્થા મુખરજીએ કઝાખસ્તાનમાં અસ્તાના ખાતે મહિલાઓની એશિયન ટેબલ ટેનિસ સ્પર્ધામાં પ્રથમ ચંદ્રક જીતીને ઇતિહાસ સર્જ્યો.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## -PREZ-VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અલ્જીરિયા, મોરિટાનિયા અને મલાવીની મુલાકાતે છે. મુલાકાતના પ્રથમ તબક્કામાં તેઓ અલ્જેરિયાના રાષ્ટ્રપ્રમુખ અબ્દેલમાદજીદ તેબ્બુન અને અન્ય  નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. રાષ્ટ્રપતિ અલ્જેરિયાના મહત્વના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેશે. તેઓ  ભારત-અલ્જેરિયા આર્થિક મંચને પણ સંબોધન કરશે . મુલાકાતના બીજા તબક્કામાં તેઓ આગામી 16મી તારીખે  મોરિટાનિયાની મુલાકાત લેશે . અંતિમ તબક્કામાં રાષ્ટ્રપતિ આગામી 17મી તારીખથી ત્રણ દિવસના પ્રવાસે મલાવી પોહચશે. આ દેશોની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ મૂર્મુ દ્વિપક્ષીય બેઠકો કરશે અને વેપાર-ઉદ્યોગના પ્રતિનિધિયો સાથે બેઠક કરશે. તેઓ આ દેશોમાં વસતા  ભારતીય સમુદાયના લોકો સાથે પણ સંવાદ કરશે.  સુશ્રી મૂર્મુની આફ્રિકાના આ ત્રણેય  દેશોની પ્રથમ મુલાકાત છે.

## BIRLA-GENEVA-IPU

લોકસભા અધ્યક્ષ  ઓમ બિરલા આજથી સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં 149 મી  આંતર-સંસદીય સંઘની બેઠકમાં સંસદીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. 17મી તારીખ સુધી ચાલનારી આ બેઠકમાં શ્રી બિરલા "વધુ શાંતિપૂર્ણ અને ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાનો ઉપયોગ" વિષય પર સંબોધન  કરશે. તેઓ આવતીકાલે જીનીવામાં ભારતીય સમુદાયને મળશે. શ્રી બિરલા અન્ય દેશોના  અધ્યક્ષોને પણ મળશે. ઉલ્લેખનીય છે કે પ્રતિનિધિમંડળમાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ સિંહ, બંને ગૃહોના મહાસચિવ અને અન્ય કેટલાક સંસદસભ્યોનો સમાવેશ થાય છે.  આંતર-સંસદીય સંઘમાં 180 સાંસદો અને 15 સહ-સભ્યો છે. સાથે ચીન અને ઈન્ડોનેશિયા ઉપરાંત કાબો વર્ડે, સાન મેરિનો અને પલાઉ જેવા નાના દેશો પણ સામેલ છે.

## CCPA-OLA

રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળ  દ્વારા ટ્રાન્સપોર્ટ કંપની ઓલા રિક્ષા કે ટેક્સી સેવાને, ગ્રાહકોને જે રિફંડની તેમની પસંદગીની પદ્ધતિ હોય તે લાગુ કરવા માટે નિર્દેશ અપાયો છે. CCPAએ કંપનીને ફરિયાદ નિવારણ પ્રક્રિયા દરમિયાન ગ્રાહકો માટે રિફંડ માટે  સીધા તેમના બેંક ખાતામાં અથવા કૂપન દ્વારા તેમની  પસંદગી મુજબ  લાગુ કરવા જણાવ્યું છે. ઓલાને તેના પ્લેટફોર્મ દ્વારા બુક કરાયેલી તમામ ઓટોરિક્ષા  સવારી માટે ગ્રાહકોને બિલ,કે  રસીદ આપવા માટે પણ સૂચના આપવામાં આવી છે.આ ભલામણો તેની સેવાઓમાં વધુ પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરે તેવી શક્યતા છે.

## IMD---RAINFALL-WARNING

ભારતીય હવામાન વિભાગે **આ**ગામી ચાર દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને તટીય આંધ્રપ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. સપ્તાહ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી પણ કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, દક્ષિણ પશ્ચિમ ચોમાસુ બિહાર, ઝારખંડ, સમગ્ર પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓડિશા, આસામ અને મેઘાલયના બાકીના ભાગોમાંથી વધુ પાછું ખેંચાઇ ગયું છે., આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ પશ્ચિમ ચોમાસું દેશના બાકીના ભાગોમાંથી પણ પાછું ખેંચાય  તેવી શક્યતા છે.

## DISASTER-RISK-REDUCTION-DAY

આપત્તિ જોખમ ઘટાડવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ આજે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસનો ઉદ્દેશ્ય વિશ્વમાં આ વિશે જાગૃતિ વધારવાનો અને આપત્તિ ઘટાડવાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે. આ વર્ષની વિષય વસ્તુ

આગામી પેઢીને ઉજ્જવળ ભવિષ્ય માટે સશક્ત કરવાની છે. આ વર્ષની વિષય વસ્તુ આપત્તિ-મુક્ત ભવિષ્ય માટે યુવાનોના રક્ષણ અને સશક્તિકરણમાં શિક્ષણની ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. આ વર્ષે શિક્ષણ દ્વારા બાળકોને સશક્ત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તેનો ઉદ્દેશ્ય બાળકોને તેમના પરિવાર અને સમુદાયમાં પરિવર્તન લાવવા અને પોતાને સુરક્ષિત કરવા સક્ષમ બનાવવાનો પણ છે.

## WB-JUNIOR-DOCTORS-STRIKE

પશ્ચિમ બંગાળ આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના તબીબ પર દુષ્કર્મ અને હત્યાના કેસમાં, જુનિયર ડૉક્ટર્સ ફ્રન્ટ-ડબ્લ્યુબીજેડીએફના સાત તબીબો દસ માંગણીઓને લઈને હજુ પણ ભૂખ હડતાળ પર છે. આ પૈકીના બે તબીબોની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પશ્ચિમ બંગાળ એકમે આજે પ્રતિકાત્મક ભૂખ હડતાળનું આયોજન કર્યું છે. પીડિતાના માતા-પિતા પણ ભૂખ હડતાળ પર છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજમુદારે કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીનું રાજ્ય એકમ મમતા બેનર્જી સરકાર વિરુદ્ધ જુનિયર ડોક્ટર્સ ફ્રન્ટના વિરોધ પ્રદર્શનને સંપૂર્ણ સમર્થન આપે છે.

## IMA HUNGER STRIKE

ઇન્ડિયન મેડિકલ એસોસિએશન -IMA-એ પશ્ચિમ બંગાળમાં હડતાળ પર ઉતરેલા ડોક્ટરોનાં સમર્થનમાં 15 ઓક્ટોબરે 24 કલાકની રાષ્ટ્રવ્યાપી ભુખ હડતાળ પર ઉતરવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે કોલકતામાં આરજી કર મેડિકલ હોસ્પિટલમાં દુષ્કર્મનો ભોગ બનેલી યુવા ડોક્ટરને ન્યાય અપાવવાની માંગણી સાથે જુનિયર ડોક્ટરો છેલ્લાં નવ દિવસથી આમરણાંત ઉપવાસ પર ઉતર્યા છે.

એક નિવેદનમાં IMA એ જણાવ્યું છે કે, IMA જુનિયર ડોક્ટર્સ નેટવર્ક અને મેડિકલ સ્ટુડન્ટ્સ નેટવર્ક સવારે છથી સાંજે છ વાગ્યા સુધી ઉપવાસ રાખશે.

## MAHA-SHARAD-PAWAR

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વડા શરદ પવારે આજે કહ્યું હતું કે મહારાષ્ટ્રના લોકો રાજકીય પરિવર્તન માટે ઉત્સુક છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં આ પ્રતિબિંબિત થશે. તેઓ મુંબઈમાં મહા વિકાસ અઘાડી ગઠબંધનની સંયુક્ત પત્રકાર પરિષદમાં બોલી રહ્યા હતા.

શ્રી પવારે દાવો કર્યો હતો કે એક સમયે દેશમાં સર્વશ્રેષ્ઠ ગણાતુ રાજ્ય વહીવટીતંત્ર મહાગઠબંધન શાસન હેઠળ નિરાશા ફેલાવે છે.

તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, મહિલા સુરક્ષા, ભ્રષ્ટાચાર, ખેડૂતોની આત્મહત્યા, બેરોજગારી અને મહારાષ્ટ્રમાંથી ઉદ્યોગોનું સ્થળાંતર સહિતના વિવિધ મુદ્દાઓ પર શાસક સરકારની ટીકા કરી હતી.

પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને પૃથ્વીરાજ ચવ્હાણ અને અન્ય ઘણા નેતાઓ પરિષદમાં હાજર હતા.

તમામ ગઠબંધન નેતાઓએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની હત્યાને લઈને રાજ્ય સરકારની ટીકા કરી હતી.

ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જો મહારાષ્ટ્ર વિકાસ આઘાડી ગઠબંધન ચૂંટણી જીતશે તો તે નફરતની રાજનીતિને બદલે વિકાસની રાજનીતિ પર ધ્યાન આપશે.

## DELHI FIRECRACKERS

દિલ્હી પોલિસની ગુના શાખાએ દિવાળી પૂર્વે ગેરકાયદેસર ફટાકડાનો 1 હજાર 323 કિલો જથ્થો જપ્ત કર્યો છે. દિલ્હી-એનસીઆરમાં પ્રતિબંધિત ફટાકડા પૂરા પાડતા ડ્રાઇવર સહિત ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આઉટર દિલ્હીના બાપરોલા ગામ અને કિયારીના મેઇન મજરી રોડ વિસ્તારમાં આવેલા ગોડાઉન પર દરોડો પાડવામાં આવ્યો હતો.

## TABLE TENNIS RESULT

ટેબલ ટેનિસમાં ભારતની ટોચની ક્રમાંકિત જોડી અયહિકા મુખરજી અને સુતિર્થા મુખજીએ કઝાખસ્તાનમાં અસ્તાના ખાતે રમાઇ રહેલી મહિલાઓની એશિયન સ્પર્ધાનાં ડબલ્સમાં દેશ માટે પ્રથમ ચંદ્રક જીતીને ઇતિહાસ સર્જ્યો છેભારતીય જોડી . -આજે સેમિ ફાઇનલમાં જાપાનની જોડી મિવા હરિમોટો અને મિયુ કિહારા સામે શૂન્ય .ત્રણથી હારી જતાં કાંસ્યચંદ્રક મેળવ્યો હતો

## CRICKET T 20

મહિલાઓનાં ટી-20 વિશ્વકપમાં ગ્રૂપ બીની મેચમાં ઇંગલેન્ડે સ્કોટલેન્ડને 10 વિકેટે હરાવ્યું છે. શારજાહ ખાતે રમાયેલી મેચમાં જીત માટે 110 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા ઇંગલેન્ડે 10 ઓવર બાકી હતી ત્યારે એક પણ વિકેટ ગુમાવ્યા વિના 113 રન કરીને ભવ્ય વિજય મેળવ્યો હતો. ઓપનર માઇયા બાઉચિયર 62 અને વયાત-હોજ 51 રને અણનમ રહ્યા હતા. અગાઉ પ્રથમ બેટિંગ લઇને સ્કોટલેન્ડે છ વિકેટે 109 રન કર્યા હતા.

**ગ્રુપ એની મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે હાલ ચાલી રહી છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા બેટીંગ લીધી છે.**

**ગ્રુપ તબક્કાની મેચો પૂર્ણ થવા આવી છે ત્યારે ભારતના પ્રશંસકોની નજર આજની મેચ પર છે. ન્યૂઝીલેન્ડ સામે હાર્યા બાદ ભારતે ઓસ્ટ્રેલિયાની સામે જીતવું જ પડશે. જો ભારત હારી જાય તો નેટ રન રેટને આધારે સેમિ ફાઇનલનો નિર્ણય લેવાશે.**

## EMMANUEL-MACRON-LEBANON

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ગઈકાલે લેબનોનમાં તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરી હતી. મેક્રોને લેબનીઝ સંસદના સ્પીકર નબીહ બેરી સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન લેબનોનમાં તરત જ યુદ્ધવિરામ માટે ભારપૂર્વક જણાવ્યું . મેક્રોને લેબનોનમાં ઇઝરાયેલી હુમલાઓની તીવ્રતા અને નાગરિકો પર તેમની દુ:ખદ અસર અંગે પણ ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. બેરી સાથેની તેમની વાતચીતમાં, મેક્રોને લેબનીઝ લોકોને દેશની સ્થિરતા અને એકતા માટે એક થવા હાકલ કરી, તમામ પક્ષોને એક વ્યાપક રાજકીય કાર્યક્રમને સમર્થન આપીને એકસાથે આ નવા પડકારનો સામનો કરવા વિનંતી કરી જેમાં રાષ્ટ્રીય એકતાની બાંયધરી આપનાર રાષ્ટ્રપતિની પસંદગીનો સમાવેશ થાય છે.

ફ્રેન્ચ રાષ્ટ્રપતિએ પુષ્ટિ કરી કે પેરિસ આ મહિનાની 24 મી તારીખે પેરિસમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય પરિષદ દ્વારા લેબનોનના લોકો અને સાર્વભૌમત્વને સમર્થન આપવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને એકત્ર કરવાનું ચાલુ રાખશે.